Mahila Congress
GUJARAT PRADESH MAHILA CONGRESS

તા. ૧૯/૦૫/૨૦૨૫

**અખબારી યાદી**

**પ્રધાનમંત્રીએ દેશની સેના અને તિરંગાનું અપમાન કરનાર ભાજપનાં નેતાઓને બરતરફ કરવા જોઈએ : ગીતાબેન પટેલ**

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન.પી.પટેલે ( ઇટાદરા) જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ સરકારના મંત્રી વિજય શાહ દ્વારા સેના ઓફિસર કર્નલ સોફિયા કુરૈશી વિરોધી ટિપ્પણીઓની કડક શબ્દોમાં ભારતીય મહિલા કોંગ્રેસ નિંદા કરે છે. આ પ્રકારની નિંદા મહિલાની ગરિમા પર સીધો હુમલો છે અને દેશની સેના અને મહિલાઓનું અપમાન છે.

કર્નલ સોફિયા કુરૈશી, જે એક પ્રતિષ્ઠિત લશ્કરી અધિકારી છે, તેમના સામે ભાજપના મંત્રી વિજય શાહની ટિપ્પણીઓમાં છૂપી માનસિકતા ભાજપ સરકારની મહિલા વિરોધી વિચારને ઉજાગર કરે છે. મહિલા કોંગ્રેસની સ્પષ્ટપણે માંગે છે કે મુખ્યમંત્રી  મોહન યાદવ તેમની સરકારના મંત્રી વિજય શાહને તરત જ પદથી બર્ખાસ્ત કરે અને તેમની સામે તટસ્થ કાર્યવાહી કરે અમે મધ્યપ્રદેશ ઉચ્ચ ન્યાયાલય અને ભારત સર્વોચ્ચ અદાલતનો આભાર વ્યક્ત કરીએ છીએ અને ન્યાયપાલિકા પ્રતિ વિશ્વાસ પણ મજબૂત કરે છે અને તે બતાવે છે કે કાયદા અને બંધારણથી ઉપર કોઈ નથી.

ભારતીય મહિલા કોંગ્રેસ સ્પષ્ટપણે જણાવે છે કે મહિલાઓના અપમાન અંગે કોઈ સમજૂતી ચલાવી લેવામાં આવશે નહીં. જો ભાજપ સરકારના મંત્રી વિજય શાહ સામે ઝડપી કાર્યવાહી નહીં કરે તો મહિલા કોંગ્રેસ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરશે.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહ બાદ હવે નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવરાએ ભારતીય સેનાનું

અપમાન કર્યું! અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મંડલાના ભાજપના સાંસદ ફગ્ગન સિંહ કુલસ્તેએ આતંકવાદીઓને 'પોતાના' કહ્યા છે! ભોપાલના મંત્રી વિજય શાહનો મામલો હજુ ઠંડો પડ્યો નથી ત્યાં શુક્રવારે  જબલપુરમાં 'ઓપરેશન સિંદૂર' વિશે છતીસગઢના ઉપમુખ્યમંત્રી જગદીશ દેવરા એવું બોલ્યા કે "સમગ્ર દેશ, સેના, સૈનિકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણોમાં નમન કરે છે, આ સેનાનું અપમાન છે." દેવરાએ સૈનિકોને પીએમના ચરણોમાં નમતા ગણાવ્યા હતા. ભાજપ પોતાના નેતાઓને પ્રોત્સાહન આપીને ભારતીય સેનાની બહાદુરીનું સતત અપમાન કરી રહ્યું છે! પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મંડલાના ભાજપના સાંસદ ફગ્ગન સિંહ કુલસ્તેએ આતંકવાદીઓને 'પોતાના' કહ્યા છે! તેણે કહ્યું કે "સેનાએ પાકિસ્તાનના અમારા આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો છે!" થોડા દિવસો પહેલા જયપુરના ભાજપના ધારાસભ્ય બાલમુકુંદાચાર્ય તિરંગાથી પરસેવો લૂછતા જોવા મળ્યા. આ ત્રિરંગામાં આપણા પૂર્વજોનું લોહી છે, શહીદો આ ત્રિરંગામાં લપેટાઈને ઘરે પરત ફરે છે. આ ત્રિરંગાની શાન માટે લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે ત્યારે ધારાસભ્ય બાલમુકુંદાચાર્ય માટે "આ તિરંગો પરસેવો લૂછવાનું અને નાક સાફ કરવા માટેનું કપડું છે." કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધીએ લખ્યું છે કે ભાજપના નેતાઓ દ્વારા ભારતીય સેનાનું અપમાન કરે તે શરમજનક છે. મારો સવાલ છે કે દેશની સેનાનું અપમાન ભાજપના નેતાઓ કરી રહ્યા હોય ત્યારે નરેન્દ્ર મોદીજી તમે મૌન કેમ છો? તમે એક્શન નથી લેતા એટલે જ બેફામ અને અધમ નેતાઓ બધી હદો વટાવી રહ્યા છે! ક્યારેક તેઓ સેનાના બહાદુર જવાનોનું અપમાન કરી રહ્યા છે, તો ક્યારેક તેઓ આતંકવાદીઓને શબ્દોથી માન આપી રહ્યા છે! ભાજપના આ અધમ નેતાઓને તાત્કાલિક બરતરફ કરવા જોઈએ એવી મહિલા કોંગ્રેસની માંગણી છે.

Gita. P. Patel.

ગીતાબેન પટેલ

પ્રમુખ

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ

Off : Rajiv Gandhi Bhawan, Sanskar Kendra, Marg, Paldi, Ahemdabad,  Ph: 079-26578212/26578213, Fax-26579589
Res: 10/ Urmi Bungalows, Near Mira Flat, Ghevar Complex, Shahibaug, Ahmedabad 380004,
Mobile: 9601071071, Email: patelgeetap025@gmail.com